# શ્રી એમ.એફ. મંડલી, ઔદ્યોગિક અદાલત, સુરત સમક્ષ,

અપીલ (આઈ.સી.) નં.૭૪/૨૦૨૨
મુળ ટી. અરજી નં.૪૧૪/૨૦૧૦
આંક–૧૧

શ્રી ઉકાઈ પ્રદેશ સહકારી ખાંડ ઉદ્યોગ મંડળી,
રહે. મુ.પો. ખુશાલ પુરા,
તા.વ્યારા જી.તાપી–૩૯૪૬૫૦ ... ... ... **એપેલન્ટ**

**વિરુધ્ધ**

શ્રી સખારામ ડી. નાયક,
રહે. ઈ/૧૫–૬, સુગર કોલોની, પાની યારી,
તા.વ્યારા જી.તાપી–૩૯૪૬૫૦ ... ... ... **રીસ્પોન્ડન્ટ**

**એપેલન્ટ તરફે : વિ.વ. શ્રી ટી. એલ. હાલારી.**
**રીસ્પોન્ડન્ટ તરફે : પ્રતિનિધિ શ્રી ડી. કે. પીપરોડીયા.**
**બાબત :– બી.આઈ.આર એકટની કલમ–૮૪ હેઠળની અપીલ.**

**–: ચુ કા દો :–**

(૧) આ કામના એપેલન્ટ વિરુધ્ધ રીસ્પોન્ડન્ટે મજુર અદાલત સમક્ષ ટી.અરજી નં.૪૧૪/૨૦૧૦ દાખલ કરેલ તેમાં આવેલ ચુકાદા વિરુધ્ધ આ અપીલ દાખલ કરેલ છે. ટી. અરજીનો ચુકાદો રદ કરી ટી. અરજીમાં માંગેલ દાદ નામંજુર કરતો હુકમ કરવા દાદ માંગેલ છે.

(૨) આંક–૨ થી મનાઈ અરજી જે નોટપ્રેસનો શેરો કરતા તે શેરા મુજબ ફેસલ કરેલ છે. આંક–૩ એપેલેન્ટનું એફીડેવીટ આંક–૪ થી વકીલશ્રી ટી. એલ. હાલારીનું વકીલપત્ર આંક–૫ ના લીસ્ટથી ટી.અરજી ૪૧૪/૧૦ નો આખરી હુકમ તથા હુકમનું ટપાલનું કવર આંક–૬ થી નોટીસ આંક–૭ થી કે. એચ. શુકલાનું અધિકારપત્ર આંક–૯ થી જવાબ આપવો નથી અને દલીલ કરવા માંગતી પુરસીસ જે રેકર્ડ કરેલ છે. આંક–૧૦ થી ટી.અરજી ૪૧૪/૧૦ નું મુળ રેકર્ડ મંગાવતી યાદીની ઓ.સી.

અગાઉ ગઈ મુદતે તથા આજરોજ એપેલન્ટનો તથા તેઓના વકીલશ્રી વાય. બી. રાઠોડનો ત્રણ–ત્રણ વખત બંને સીટીંગમાં વારંવાર પોકાર કરાવવા છતા કોઈ હાજર નથી. અને તેઓ તરફે અપીલ ચલાવવા સારૂ કોઈ મુદત રીપોર્ટ નથી. એપેલન્ટને અપીલ ચલાવવામાં રસ જણાતો નથી. જેથી હાલની અપીલ એપેલન્ટની ગેરહાજરી અને નિષ્કાળજીમાં રદ કરવા સિવાય કોઈ વિકલ્પ રહેતો નથી. જેથી આ અપીલના કામે છેવટનો હુકમ નીચે મુજબ કરવામાં આવે છે.

**–: હુ ક મ :–**

૧. એપેલન્ટની હાલની અપીલ તેઓની ગેરહાજરી અને નિષ્કાળજીમાં ખર્ચ સહ રદ(ડીસમીસ) કરવામાં આવે છે.

૨. અધિક્ષકશ્રીએ તાત્કાલિક ટી. અરજી નં.૪૧૪/૨૦૧૦ ના કામે નું અસલ રેકર્ડ તથા આ અપીલના હુકમની એક નકલ મજુર અદાલત, સુરતને મોકલી આપવા હુકમ છે.

૩. ચુકાદો આજરોજ ખુલ્લી અદાલતમાં લખી, વાંચી, સંભળાવી જાહેર કર્યો.

સ્થળ : સુરત.
તારીખ : ૨૭/૦૪/૨૦૨૩.

(એમ.એફ. મંડલી)
જી.જે.૦૦૪૦૮
સભ્ય,
ઔધોગિક અદાલત,
સુરત.